


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : rev.arvindkhristi@gmail.com** **Pastor : Rev. Arvind R. Khristi**

**Visit us at : www.shahpurmethodistchurch.com** **Ph. : 079-25503545 (M) 9913070647**



**વર્ષ - ૫૩** **ફેબ્રુઆરી - ૨૦૨૪** **પત્ર - ૧૨૬**


## ‘જોડાયેલા રહેવું’ યોહાન ૧૫:૪

પૃથ્વી ઉપર કોઈ પણ વૃક્ષ-છોડને જમીન સાથે મૂળ દ્વારા જોડાયેલા રહેવું પડે છે. જોડાયેલા રહેવાથી જ તે જીવંત રહી અને ફળ-ફૂલ આપે છે. આપણા ઘરોમાં વીજળીનો પ્રકાશ મુખ્ય વીજવાહક વાયર સાથે જોડાયેલો હોય ત્યારે જ વીજળી આવે છે. ઉપરોક્ત વચનમાં પ્રભુ પોતે કહે છે, ‘તમે મારામાં રહો.’ આપણે પ્રભુ સાથે જોડાયેલા રહેવાનું છે. જોડાયેલા રહેવાથી આપણે પ્રભુના મહિમા માટે ફળો આપનાર ઉપયોગી અને આશીર્વાદિત બનીએ છીએ.

પ્રભુએ આપણને પ્રેમ કર્યો અને પસંદ કર્યા છે અને ખાસ હેતુસર પ્રભુએ આપણને પસંદ કર્યા છે. પ્રભુનો હેતુ એ છે કે આપણે ફળ ઉપજાવનાર એના બાળકો બનીએ. આપણા જીવનમાં પ્રભુના હેતુને સાર્થક કરવા માટે પ્રભુ સાથે અવશ્ય જોડાયેલા રહેવું જોઈએ.

પ્રભુ એ આ બાબતને સ્પષ્ટ સમજાવવા માટે પોતાને ખરા દ્રાક્ષાવેલા તરીકે અને તેમના લોકોને ડાળીઓ તરીકે દર્શાવેલ છે. ડાળી વેલાની સાથે જોડાયેલી રહે તો જ ફળ આપે છે. આ રીતે વિશ્વાસુઓએ પ્રભુની સાથે જોડાયેલા રહેવાથી જ ફળ આપી શકે છે.

આપણે કેવી રીતે જોડાયેલા રહેવાનું છે ? પ્રભુ એ ખરા દ્રાક્ષાવેલા તરીકે છે. ખરા એટલે તેઓ સત્ય છે. આપણને માફી અને સાચું જીવન આપે છે. યોહાન ૧૦:૧૦માં પ્રભુ આ જ બાબત જણાવે છે કે આપણને ભરપૂર જીવન મળે માટે તેઓ આવ્યા છે. યોહાન ૧૪:૬માં જણાવે છે કે માર્ગ, સત્ય તથા જીવન તેઓ જ છે. આ રીતે પ્રભુ પોતે ખરા દ્રાક્ષઆવેલા તરીકે છે. તેઓમાં જોડાયેલા રહેવાથી જ આપણે માફી અને જીવન પામીને ફળો આપી શકીએ છીએ. આ રીતે વિશ્વાસ કરવાથી જ આપણે તેમની સાથે જોડાયેલા રહી શકીએ છીએ.

યોહાન ૧૫:૭માં પ્રભુએ જણાવ્યું છે કે મારા વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે. આ વચન પ્રમાણે આપણે પ્રભુના વચનો પ્રમાણે રહેવાનું છે. ગીતશાસ્ત્ર ૧:૨-૩માં જણાવ્યું છે કે નિયમશાસ્ત્રનું રાત-દિવસ મનન કરવાથી ઋતુ પ્રમાણે ફળો આવે છે અને જીવંત રહે છે. પ્રભુએ આપણને જે વચનો આપ્યા છે તેના વાંચન, શિક્ષણ અને તે પર વિશ્વાસ કરવા દ્વારા જ આપણે પ્રભુ સાથે જોડાયેલા રહીએ છીએ.

૧ યોહાન ૨:૫ જણાવે છે તે પ્રમાણે તેમનું વચન પાળવાથી આપણો પ્રભુ પ્રત્યેનો પ્રેમ જણાય છે અને આપણે પ્રભુ સાથે જોડાયેલા છીએ તે જણાવે છે.

વ્હાલાઓ, આપણે સર્વએપ્રભુ આપણા ખરા, સત્ય પ્રભુ છે. તે માફી, જીવન આપે છે. તેવા વિશ્વાસ અને તેમના વચનોના અભ્યાસ અને પાલન દ્વારા પ્રભુ પ્રત્યેનો આપણો પ્રેમ દર્શાવવાથી આપણે પ્રભુમાં જોડાયેલા રહીએ છીએ અને પ્રભુનો આપણા માટે જે હેતુ ફળો આપવાનો છે તે સાર્થક થાય છે.

પ્રભુ આપણ સર્વને તેમનામાં જોડાયેલા રહેવા માટે કૃપા આપો.

## BIRTHDATE IN FEBRUARY

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫/૨ | પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | ૧૫/૨ | શ્વેતાલી કે. મહિડા (USA) | ૨૩/૨ | જસ્ટીન બી. પરીખ |
| ૬/૨ | આશાબેન સી. વરસડા | ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ | ૨૩/૨ | રોઝમેરીબહેન એ. ખ્રિસ્તી |
| ૮//૨ | જેક માયુસ રાઠોડ | ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી | ૨૫/૨ | પ્રકૃતિ એ. ફ્રેન્ક (USA) |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર | ૧૯/૨ | રેની આર. ટેલર | ૨૫/૨ | કોલીન એ. ક્રિશ્ચિયન |
| ૧૧/૨ | મોનિકાબેન એસ. ડેવિડ | ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ | ૨૫/૨ | અમીષા એન. પરીખ |
| ૧૧/૨ | સમીર એસ. ભાટીયા | ૨૨/૨ | પરેશ બી. પરીખ | | |

**દફનવિધિ : તા. ૨૭-૧-૨૪ના રોજ શરદભાઈ બી. વાઘેલા પ્રભુમાં ઊંઘી જતાં બપોરે ૩-૦૦ કલાકે દફનવિધિ કરવામાં આવી હતી. દુ:ખી પરિવારને આપની પ્રાર્થનામાં યાદ રાખશો.**

## ગત માસના કાર્ય તરફ દ્રષ્ટિપાત

- તા. ૧-૧-૨૪ નવા વર્ષની ભજનસેવા ચલાવી. રૂમી ૧૨:૧-૨ પ્રમાણે 'નવીનતાને યોગે' સંબંધી વચન આપ્યું. ભજનસેવાબાદ ચર્ચ ટેરેસ પર સર્વએ પ્રાર્થનાસહ ફુગ્ગા-બેનર છોડી નવા વર્ષની શુભેચ્છા પાઠવી. ભજનસેવામાં પરદેશથી આવેલા સ્નેહીઓને બુકે આપી સન્માનિત કરી આભાર માનવામાં આવ્યો. ભજનસેવામાં સર્વ કારભારીઓની વર્ષ દરમિયાનની સેવાઓની કદર કરતાં કલગી આપી પ્રાર્થના કરવામાં આવી. ભજનસેવા બાદ કુ. રેની ટેલર અને શ્રીમતી ઈશા રીચાર્ડસન તરફથી તેમના મમ્મી-પપ્પા સ્વ. સિસીલ્યાબેન-સ્વ. રમેશભાઈ ટેલરની યાદમાં સર્વ માટે કેક અને ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૭-૧-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. ભારતની મેથોડિસ્ટ મંડળીનો સ્થાપના દિવસ હોવાથી ભજનસેવામાં કેક કાપવામાં આવી અને ખાસ પ્રાર્થના કરવામાં આવી. બપોરે આગાપે મેથોડિસ્ટ ચર્ચ, મારિયા પાર્કમાં એમ.સી.આઈ.ના સ્થાપનાદિન પ્રસંગે ઉજવણી સંગતમાં સ્થાનિક આગેવાનો સાથે હાજરી આપી.
- તા. ૨૦-૧-૨૪ના રોજ સ્થાનિક ડિસ્ટ્રીક્ટ સન્ડેસ્કૂલ યુનિયન દ્વારા લેવાયેલ પરીક્ષાના પેપર ચકાસણી સમયે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં હાજરી આપી.
- તા.૨૧-૧-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળી. બપોરે અમદાવાદ વેસ્ટ મેથોડિસ્ટ ચર્ચમાં જુવાન દીકરીઓના સેમિનારમાં હાજરી આપી.
- તા. ૨૩-૧-૨૪ રાયખડ વિસ્તારના પાળક મંડળમાં હાજરી આપી.
- તા. ૨૬-૧-૨૪ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી.
- તા. ૨૮-૧-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી.
  આ ભજનસેવામાં પરદેશથી આવેલ સભ્યોનું બુકે આપી બહુમાન કરવામાં આવ્યું અને ખાસ આભાર માનવામાં આવ્યો.
  ભજનસેવા બાદ સ્થાનિક સન્ડેસ્કૂલની મિટીંગમાં હાજરી આપી.
  બપોરે રેવ. ડૉ. સેમસન પારેખ સાહેબના મમ્મીની દફનવિધિમાં હાજરી આપી.
- તા. ૩૦-૧-૨૪ના રોજ ગ્રેસ મેથોડિસ્ટ ચર્ચ, શીંગરવાના પાળખ રેવ. અનિલ રાણા સાહેબનું અકસ્માતે અવસાન થતાં તેમની દફનવિધિમાં હાજરી આપી.
- સાંજે ૬-૦૦ કલાકે સ્થાનિક સોવેનિયર કમિટી ચર્ચમાં મળી તેમાં હાજરી આપી.

### જાહેરાત

- તા. ૧૪-૨-૨૪ બુધવારથી શરૂ થતી સાંજની લેન્ટની મિટીંગોમાં હાજરી આપશો.
  આપના ઘરે મિટીંગ રાખવા માગો છો તો નોટિસ બોર્ડ મુકેલ યાદીમાં નામ લખશો.
  આ મિટીંગો માટે પ્રાર્થના કરશો, સહકાર આપશો.
- દર શુક્રવારે સાંજે ચર્ચમાં મિટીંગ થશે.
- દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે કુટુંબ સાથે પ્રભુમંદિરમાં અવશ્ય હાજરી આપશો.
- આપના સામાન્ય દાન દર મહિને આપના કારભારીને આપશો.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન (USA) | આ.સ્તુ. | ૧૦૦૦૦ |
| ૨. | શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન (USA) | એજ્યુ. | ૧૦૦૦૦ |
| ૩. | શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન (USA) | પુ. ફંડ | ૧૦૦૦૦ |
| ૪. | શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન (USA) | મે. ફંડ | ૧૦૦૦૦ |
| ૫. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૬. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૭. | શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૮. | ડૉ. કેયુર ચૌહાણ એન્ડ ફેમિલી (USA) | પુ. ફંડ | ૨૫૦૦ |
| ૯. | ડૉ. કેયુર ચૌહાણ એન્ડ ફેમિલી (USA) | મે. ફંડ | ૨૫૦૦ |
| ૧૦. | ડૉ. કેયુર ચૌહાણ એન્ડ ફેમિલી (USA) | એજ્યુ. | ૧૨૦૦૦ |
| ૧૧. | એનન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | શ્રી/શ્રીમતી આર્નોન એસ. પેલમોર | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૩. | શ્રીમતી જુલીયેટ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૪. | શ્રી શામીભાઈ એસ. ગામડિયા<br>સાજાપણું મળવા બદલ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૫. | શ્રી/શ્રીમતી શામીભાઈ એ. ગામડિયા<br>લગ્નદિવસનું દાન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રીમતી અર્પિતાબેન ડી.હેરી | બર્થડે | ૨૦૦ |
| ૧૭. | શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૮. | શ્રી ડેનીભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | કુ. ડ્રીના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૨૦. | શ્રીમતી લીનાબેન એ. પેટ્રીક | બર્થડે | ૨૦૦ |
| ૨૧. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી અતુલભાઈ પી. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | શ્રી/શ્રીમતી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૪. | શ્રીમતી ફેનીબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૫. | શ્રીમતી શિલ્પાબેન પી. ક્રિશ્ચિયન<br>બી.એડ. કૉલેજમાં સર્વિસ મળવાથી | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨૬. | શ્રીમતી યાચના એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૭. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |

### નાણાંકીય અહેવાલ ડિસેમ્બર - ૨૦૨૩

| | | |
|---|---|---|
| **તા.૧-૧૨-૨૩ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૧૧૨૫૫૧.૮૮** |
| | **બેંક** | **૯૪૦૭૯૭.૫૯** |
| **તા.૩૧-૧૨-૨૩ સુધીની** | **આવક** | **૨૯૩૭૬૩.૦૦** |
| | **કુલ** | **૧૩૪૭૧૧૨.૪૭** |
| **તા.૩૧-૧૨-૨૩ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૨૦૩૯૫.૮૮** |
| | **બેંક** | **૯૭૮૧૬૨.૫૯** |
| **તા.૩૧-૧૨-૨૩ સુધીનો** | **ખર્ચ** | **૩૪૮૫૫૪.૦૦** |
| | **કુલ** | **૧૩૪૭૧૧૨.૪૭** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**